# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

***************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ દેશવાસીઓને ભારતને જ્ઞાન અને વેપારનું મુખ્ય કેન્દ્ર બનાવવાનું આહ્વાન કર્યું.

2) નેપાળમાં સોશિયલ મીડિયા પર સરકારના પ્રતિબંધ સામે વિરોધ પ્રદર્શનમાં 19 ના મોત અને 340 થી વધુ લોકો ઘાયલ થયા.

3) વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ભાર મૂક્યો કે ઉદ્યોગોએ સ્વદેશી ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

4) સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે સ્વીકારવાનો આદેશ આપ્યો.

5) મહિલા એશિયા કપ હોકી ટુર્નામેન્ટમાં ભારત સુપર-ફોર તબક્કામાં પહોંચ્યુ.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PRESIDENT DROUPADI MURMU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશવાસીઓને ભારતને જ્ઞાન અને વેપારનું મુખ્ય કેન્દ્ર બનાવવાનું આહ્વાન કર્યું છે. રાષ્ટ્રપતિએ આજે નવી દિલ્હીમાં એન્જિનિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ- EEPC ના પ્લેટિનમ જ્યુબિલી ઉજવણીને સંબોધતા આ વાત કહી હતી. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે ભારતીય અર્થતંત્રને વધુ આત્મનિર્ભર અને નિકાસમાં શ્રેષ્ઠ બનાવવાની જરૂર છે.

(BYTE : PRESIDENT DROUPADI MURMU ON ATMANIRBHAR)

રાષ્ટ્રપતિએ કહ્યું કે વિશ્વ વેપાર વ્યવસ્થા અને આંતરરાષ્ટ્રીય આર્થિક વ્યવસ્થામાં થઈ રહેલા ફેરફારોને કારણે EEPC ની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની ગઈ છે. તેમણે EEPC ના તમામ હિસ્સેદારોને દેશમાં ઉપલબ્ધ પ્રતિભા અને ઉર્જા માટે એક મંચ પૂરું પાડીને ભારતને એક અગ્રણી અર્થતંત્ર બનાવવા વિનંતી કરી.

# PM WORKSHOP

સંસદ સંકુલમાં બાલયોગી ઓડિટોરિયમ ખાતે ગઈકાલે શરૂ થયેલી ભાજપ અને એનડીએ સાંસદોની બે દિવસીય વર્કશોપનું સમાપન થયું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તેના સમાપન સત્રને સંબોધન કર્યું હતું. વર્કશોપમાં ભાજપના વરિષ્ઠ નેતાઓ અને સાંસદોએ વિવિધ મુદ્દાઓ પર પોતાના મૂલ્યવાન વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.

# PM - PUNJAB

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે પૂરથી અસરગ્રસ્ત પંજાબની મુલાકાત લેશે અને વર્તમાન પરિસ્થિતિનો તાગ મેળવશે. તેઓ સમીક્ષા બેઠક પણ કરશે તેવી શક્યતા છે. આ દરમિયાન, રેલ રાજ્યમંત્રી રવનીત સિંહ બિટ્ટુએ જણાવ્યું હતું કે પંજાબ સરકાર વળતર માટે નુકસાનનું મૂલ્યાંકન કરી રહી છે અને કેન્દ્ર સરકારની ટીમો પણ તાગ મેળવી રહી છે. સાંભળીએ એક અહેવાલ ...

(VOICE CAST : RAJESH BALI)

# NEPAL PROTESTS

નેપાળમાં ભ્રષ્ટાચાર અને સોશિયલ મીડિયા પર સરકારના પ્રતિબંધ સામે વિરોધ પ્રદર્શનમાં મૃત્યુઆંક 19 પર પહોંચી ગયો છે, જ્યારે દેશભરમાં વિરોધીઓ અને પોલીસ વચ્ચેની અથડામણમાં 340 થી વધુ લોકો ઘાયલ થયા છે. કાઠમંડુના બાણેશ્વરમાં વિરોધ પ્રદર્શન હિંસક બન્યું ત્યારે પોલીસે ગોળીબાર કર્યો હતો. અહેવાલો અનુસાર, મૃતકોમાંથી 16 કાઠમંડુ ખીણમાં અને બે ઇટાહારીમાં હતા. ઘાયલોમાં વિરોધીઓ, સુરક્ષા કર્મચારીઓ અને પત્રકારોનો સમાવેશ થાય છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃતકો અને ઘણા ઘાયલોની ઓળખ હજુ સુધી થઈ નથી. આરોગ્ય મંત્રાલયે અગાઉ હોસ્પિટલોને તમામ ઘાયલ વિરોધીઓની મફત સારવાર કરવાનો નિર્દેશ આપ્યો હતો. દરમિયાન, અશાંતિ અટકાવવા માટે દેશના ઘણા ભાગોમાં કર્ફ્યુના આદેશો જારી કરવામાં આવ્યા છે. વિરોધ પ્રદર્શન કાઠમંડુની બહાર પણ ફેલાયા છે, જેમાં બિરાટનગર, ચિતવન, ઝાપા અને રૂપાંદેહીમાં મોટા પ્રદર્શનો થયા છે, જેમાંથી ઘણા સંઘર્ષમાં ફેરવાઈ ગયા છે.

# GOYAL - INDIGENOUS

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ભાર મૂક્યો છે કે ઉદ્યોગોએ સ્વદેશી ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આનાથી માત્ર દેશના વિકાસમાં મદદ મળશે નહીં પરંતુ દેશની નાણાકીય સુરક્ષા પણ મજબૂત થશે. આજે નવી દિલ્હીમાં 56મા એન્જિનિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, EEPC ઈન્ડિયા નેશનલ એવોર્ડ સમારોહને સંબોધતા શ્રી ગોયલે કહ્યું કે વૈશ્વિક પરિસ્થિતિ દ્વારા ઉભા થયેલા પડકારો છતાં, ભારત એક રાષ્ટ્ર તરીકે એકતા ધરાવે છે. દેશના 1.4 અબજ લોકો, વ્યવસાયો અને વેપારે ભારતમાં બનેલા ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે ભાર મૂક્યો કે દેશની મજબૂતાઈ વેપાર અને MSME ક્ષેત્ર પર નિર્ભર છે, જે દેશના વ્યવસાયોની કરોડરજ્જુ છે. શ્રી ગોયલે કહ્યું કે GST દરોમાં ઘટાડો અને સરળીકરણ સાથે, પ્રધાનમંત્રી મોદીએ સ્થાનિક માંગમાં વધારો કર્યો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SUPREME COURT - BIHAR SIR AADHAAR

સર્વોચ્ચ અદાલતે આજે ચૂંટણી પંચને આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે સ્વીકારવાનો આદેશ આપ્યો છે. બિહારમાં સુધારેલી મતદાર યાદીમાં સમાવેશ કરવા માટે આધાર કાર્ડ ઓળખના પુરાવા તરીકે રજૂ કરી શકાય છે. મતદાર યાદીમાં સમાવેશ માટે આધાર કાર્ડ એકમાત્ર દસ્તાવેજ તરીકે રજૂ કરી શકાય છે. અદાલતે આદેશમાં સ્પષ્ટ કર્યું છે કે આધાર નાગરિકતાનું પ્રમાણપત્ર નથી. બિહારની ખાસ સઘન સમીક્ષા પ્રક્રિયામાં, અદાલતે ચૂંટણી પંચને આધારની સ્વીકૃતિ અંગે તેના અધિકારીઓને નિર્દેશ આપવાનો આદેશ આપ્યો હતો. અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે ચૂંટણી પંચના અધિકારીઓ મતદારો દ્વારા રજૂ કરાયેલા આધાર કાર્ડની અધિકૃતતા અને વિશ્વસનીયતા તપાસવાનો હકદાર રહેશે.

# GUJARAT LEGISLATIVE ASSEMBLY

ગુજરાત રાજ્ય વિધાનસભાનું ત્રણ દિવસનું ચોમાસુ સત્ર આજથી ગાંધીનગરમાં શરૂ થયું. પ્રથમ દિવસે, મુખ્યમંત્રી અને વિધાનસભાના નેતા ભૂપેન્દ્ર પટેલે ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ગૃહના અન્ય દિવંગત સભ્યોના માનમાં શોક પ્રસ્તાવ રજૂ કર્યો. ગૃહમાં સ્વર્ગસ્થ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, અમદાવાદ વિમાન દુર્ઘટનાના ભોગ બનેલાઓ, સ્વર્ગસ્થ મંત્રી હેમાબેન આચાર્ય અને ઈશ્વરસિંહ ચાવડા સહિત અન્ય દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. પોતાના સંબોધન દરમિયાન, મુખ્યમંત્રીએ સ્વર્ગસ્થ વિજયભાઈ રૂપાણીએ તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતના વિકાસમાં આપેલા યોગદાનની પ્રશંસા કરી. મુખ્યમંત્રીએ ગુજરાત વિધાનસભાના મંચ પર સ્વર્ગસ્થ વિજય રૂપાણીના ચિત્રનું પણ અનાવરણ કર્યું. અમારા સંવાદદાતા એક અહેવાલમાં જણાવે છે કે સત્ર દરમિયાન પાંચ વિધેયક રજૂ કરવામાં આવશે, જેમાં ગુજરાત જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) વિધેયક, 2025 અને ગુજરાત વસ્તુ અને સેવા કર (બીજો સુધારો) વિધેયક, 2025નો સમાવેશ થાય છે.

# TEXTILE INDUSTRY- GST

**તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વસ્તુ અને સેવા કર GSTના દરોમાં સુધારાની જાહેરાત કરી હતી. જેનાથી કાપડ ઉદ્યોગ માટે કરવામાં આવેલા સુધારા પર સાંભળીએ એક અહેવાલ....**

**(VOICE CAST : AJAY INDREKAR)**

*(કાપડ ક્ષેત્રમાં GST દરમાં ફેરફાર માળખાકીય વિસંગતતાઓ દૂર કરશે, ખર્ચ ઘટાડશે, માંગ વધારશે, નિકાસને ટેકો આપશે અને નોકરીઓ જાળવી રાખશે. કૃત્રિમ રેસા પરનો GST 18 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે, જ્યારે કૃત્રિમ યાર્ન પરનો GST 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે. ફાઇબર, યાર્ન અને ફેબ્રિક માટેના દર સમાન રહેશે. આનાથી ઉત્પાદકો પર કાર્યકારી મૂડીનો બોજ પણ ઘટશે. વધુમાં, પોસાય તેવા કાપડ સસ્તા થશે, ખાસ કરીને મધ્યમ વર્ગ અને ઓછી આવક ધરાવતા જૂથોને ફાયદો થશે. આ સુધારાથી નાના શહેરો અને ગ્રામીણ બજારોમાં માંગ પણ ફરી જીવંત થશે.*

*અજય ઈન્દ્રેકર , આકાશવાણી સમાચાર, અમદાવાદ)*

# INDIA - ISRAEL

ભારત અને ઇઝરાયલે આજે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય રોકાણ કરાર પર હસ્તાક્ષર કર્યા. કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ અને ઇઝરાયલના નાણા મંત્રી બેઝાલેલ સ્મોટ્રિચે આ કરાર પર હસ્તાક્ષર કર્યા. આ કરારનો ઉદ્દેશ્ય આર્થિક સંબંધોને વધારવા અને ઇઝરાયલી નિકાસકારો માટે નાણાકીય પ્રોટોકોલ શોધવાનો છે.

# VP ELECTION

ઉપરાષ્ટ્રપતિ પદ માટે આવતીકાલે ચૂંટણી યોજાશે. આ ચૂંટણીમાં NDA ઉમેદવાર અને મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણનનો મુકાબલો ઈન્ડિ ગઠબંધનના ઉમેદવાર અને સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયાધીશ બી. સુદર્શન રેડ્ડી સામે છે. ઉપરાષ્ટ્રપતિની પસંદગી સંસદના બંને ગૃહોના સભ્યો ધરાવતી ચૂંટણી મંડળ દ્વારા કરવામાં આવે છે. આ વર્ષે જુલાઈમાં જગદીપ ધનખડના સ્વાસ્થ્યના કારણોસર રાજીનામું આપવાને કારણે આ ચૂંટણી યોજાઈ રહી છે.

# JAMMU AND KASHMIR - TERRORIST KILLED

જમ્મુ અને કાશ્મીરના કુલગામ જિલ્લાના ગુદ્દર જંગલ વિસ્તારમાં થયેલી જુથ અથડામણમાં માર્યા ગયેલા આતંકવાદીઓની સંખ્યા બે થઈ છે. સેનાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ કાર્યવાહીમાં સેનાના એક જુનિયર કમિશન્ડ ઓફિસર પણ ઘાયલ થયા છે. આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળતાં, સેના, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ અને જમ્મુ અને કાશ્મીર પોલીસે આજે સવારે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. સુરક્ષા દળો જ્યારે ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે છુપાયેલા આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. જવાબમાં સુરક્ષા દળોએ પણ ગોળીબાર શરૂ કરી દીધો હતો.

# ASIA CUP HOCKEY

મહિલા એશિયા કપ હોકી ટુર્નામેન્ટમાં ભારત સુપર-ફોર તબક્કામાં પહોંચી ગયું છે. નવનીત કૌર અને મુમતાઝ ખાનની હેટ્રિકની મદદથી ભારતે આજે ચીનમાં પૂલ મેચમાં સિંગાપોરને ૧૨-૦થી હરાવ્યું. સુપર ફોરની ટોચની બે ટીમો ૧૪મી સપ્ટેમ્બરે ફાઇનલ રમશે.

# ASIA CUP CRICKET

એશિયા કપ ટી-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ આવતીકાલથી સંયુક્ત આરબ અમીરાતમાં શરૂ થશે. આ ટુર્નામેન્ટમાં ભારત અને પાકિસ્તાન સહિત ૮ દેશોની ટીમો ભાગ લઈ રહી છે. ભારતનો પ્રથમ મુકાબલો બુધવારે યજમાન સંયુક્ત આરબ અમીરાત સામે થશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે રોમાંચક મુકાબલો ૧૪ સપ્ટેમ્બરે યોજાશે.

# BIHAR ANGANWADI

બિહાર સરકારે આંગણવાડી કાર્યકરો અને આંગણવાડી સહાયકોના મહેનતાણામાં વધારો કરવાની જાહેરાત કરી છે. આંગણવાડી કાર્યકરોનું મહેનતાણું સાત હજારથી વધારીને નવ હજાર અને આંગણવાડી સહાયકોનું મહેનતાણું ચાર હજારથી વધારીને સાડા ચાર હજાર કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી નીતિશ કુમારે સોશિયલ મીડિયા સંદેશ દ્વારા આ જાહેરાત કરી હતી.